ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરના કલાકારો વિકટ સ્થિતિમાં

## કોરોનાને કારણે તમામ જાહેર કાર્યક્રમો રદ્દ થવા સાથે કલાકારોની રોજગારી પર સંપૂર્ણ રીતે માઠી અસર : શહેરના કલાકારો આર્થિક વિકટ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે

**ગાંધીનગર, તા.૨૩**

**કોરોના કાળમાં જયારે તમામને પોત પોતાની રોજગારી બાબતે મુશ્કેલી ભોગવવી પડી છે ત્યારે નગરના મનોરંજન જગતના કલાકાર કસબીઓની આર્થિક હાલત કોરોના અને લોકડાઉનને કારણે કફોડી બની છે અને તેમને ઘણી આર્થિક મુંઝવણનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે નગરના કલા ક્ષેત્રે જોડાયેલા કલાકારો પાસેથી તેમની હાલની પરિસ્થિતિ વિશે જાણીએ.**


**● ભીખુદાન ગઢવી**



કોરોનાનું સંક્રમણ અને આર્થિક સંકડામણ. 'સમય બડા બલવાન હૈ, નહીં પુરુષ બલવાન, કાબે અર્જુન લુટીયો વોહી ધનુષ વોહી બાણ.' કપરા સમયને ઓળખવો જોઈએ. આર્થિક પરિસ્થિતિને જોવા જઈએ તો કલાકારોના ભવિષ્યમાં ઘણી કઠીન પરિસ્થિતિ સર્જાય છે તેનો પહેલેથી ખ્યાલ હોતો નથી. કલા પર જીવતો કલાકાર સ્વરનો સાધક છે અને ઈશ્વર નજીક કહેવાય છે. કોરોનાને કારણે કલાકારોને આર્થિક સંક્રમણનો સામનો કરવો પડી રહ્યો છે. મારા મતે સમાજ અને સરકારે કલાકારોની પીડાને સમજવી જોઈએ.

**● ભાવિન પટેલ**
**(ગરબા કોરીયોગ્રાફર અને શો ડાયરેક્ટર)**

કોરોના નામના વિષાણુથી સમગ્ર વિશ્વમાં માનવજાત ભયભીત છે. લોકડાઉન અને અનલોકના ટાપુની ટોચ ઉપર માનવી ચિંતાની અદ્રશ્ય જવાલાઓ વચ્ચે સળગી રહ્યો છે. આ સમયે તમામ સામાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો બંધ છે ત્યારે સંસ્કૃતિ અને કલાના ભેખધારી કલાકારોની આવક પણ છેલ્લા પાંચ મહિનાથી



બંધ છે. કલાને ખોળે માથુ મુકીને જીવતા કલાસાધકોને આવી વિકટ સ્થિતિમાં આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે મારી સરકારને વિનંતી છે કે કલાના માધ્યમથી ગુજરાન ચલાવતા સૌ કલાકારો માટે પણ કાંઈ વિચારે અને સૌ કલાકારોને મારી વિનંતી છે કે આ સ્થિતિ કાયમ રહેવાની નથી કાલે બધું સારું થઈ જશે તેવી આશા સાથે હકારાત્મકતાના બ્રાન્ડ એમ્બેસેડર બનીએ.

**● ગાર્ગી ઠક્કર (ડાન્સ કોરીયોગ્રાફર)**

લોકડાઉન-૧ શરૂ થવાના દસ દિવસ પહેલાથી જ શાળા-કોલેજ બંધ થઈ ગઈ હતી અને માર્ચ-એપ્રિલમાં ઘણી શાળાઓના વાર્ષિકોત્સવ યોજાય છે જે પણ કોવિડ-૧૯ને લીધે રદ કરવા પડયા. અમુક શાળામાં કોરિયોગ્રાફી થઈ ગઈ હતી પરંતુ મહેનત વિફળ ગઈ. આ ઉપરાંત લગ્ન પ્રસંગોની સંગીત સંધ્યાની તૈયારી, સમર કેમ્પ, વાર્ષિકોત્સવ આ દરેક કેન્સલ થયા. આ તમામ જગ્યાએ કોરીયોગ્રાફી કરવાનો દર વર્ષની જેમ લ્હાવો પણ ન મળ્યો એટલે આર્થિક દ્રષ્ટિએ ઘણું નુકશાન થયું છે અને આખું વર્ષ શુન્યમાં જ ગયું.



**● દેવાંગ પંચાલ (તબલા વાદક)**

લોકડાઉનને લીધે અમારા રૂટિન ગરબા, લગ્ન શૉ, સંગીત બંધ થઈ જવાને લીધે ઈન્કમ સોર્સ ડિસ્ટર્બ થયો અને હજી



સરકાર તરફથી કોઈ સહાય મળી નથી. કલાકારોને તકલીફ એ છે કે તેમને કોઈ લોન પણ મળતી નથી એટલે હવે કલા સિવાય કોઈ ધંધો કરવો હોય તો બેંક દ્વારા લોન પણ મળતી નથી. અમુક પ્રુફ હોય નહીં એટલે પર્સનલ લોન પણ ન મળે. હવે કયારે અમારું કામ શરૂ થશે એ આઈડિયા નથી. છોકરાઓને તબલા શીખવા માટે કોરોનાના ડરથી માતા-પિતા મોકલતા નથી.

**● હિમાંશુ ગાયકવાડ**
**(કીબોર્ડ પ્લેયર)**



ઘણા વર્ષોથી હું સંગીત ક્ષેત્રે જોડાયેલો છું. મારા માટે જાહેર કાર્યક્મો, ઓરકેસ્ટ્રા, ગરબા સાથે સંકળાયેલ સંગીત જ મુખ્ય આવકનું સાધન છે. કોરોનાને કારણે તમામ જાહેર કાર્યક્મો બંધ હોવાથી સંપૂર્ણ રીતે આર્થિક વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે.



મોંઘવારી તો રાજાની કુંવરીની જેમ દિવસે ન વધે એટલી રાત્રે વધી રહી છે. સારો વરસાદ હોવા છતાં શાકભાજીના ભાવો ખૂબ વધી રહ્યા છે. લીલા શાકભાજી તો હવે થાળીમાં જોવા જ મળતા નથી ત્યાં તો ગરીબોની કસ્તુરી કહેવાતી ડુંગળીના ભાવો આસમાને પહોંચ્યા છે. જયારે દરેક શાકમાં ભળી જતા બટાકાનો ભાવ પણ ૫૦ રૂપિયે કિલો સુધી પહોંચી ગયો છે જયારે ડુંગળી ૬૦ રૂપિયે કિલો વેચાઈ રહી છે.

## સાંતેજ પ્રોહીબિશનના ગુનામાં નાસતો-ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

સાંતેજ પોલીસ મથકના પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા કેટલાક સમયથી નાસતા ફરતા આરોપીને ખાત્રજ ચોકડી રીક્ષા સ્ટેન્ડ પાસેથી ગાંધીનગર રેન્જ નાસતા ફરતા સ્કવોડની ટીમે ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ એલસીબી પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ ટીમના સભ્યો આ દિશામાં કાર્યરત હતા તે સમયે સાંતેજ ખાત્રજ ચોકડી પાસે આવતા જ પોલીસ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ દિલિપસિંહને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે સાંતેજ પોલીસ મથકના ગુનામાં ફરતા આરોપી અર્જુનસિંહ અખેરાજસિંહ મકવાણા (ઉં.૨૬ રહે.દરબાર ગઢ ફતેપુરા તા.દેત્રોજ)ખાત્રજ ચોકડી પાસે આવેલા રીક્ષા સ્ટેન્ડ નજીક ઉભો છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈને તાત્કાલીક પ્રોહી ગુનાના આરોપી અર્જુનસિંહ મકવાણાને દબોચી લીધો હતો. પોલીસે તેની પુછતાછ કરતા તેણે જાન્યુઆરી-૨૦૨૦માં તેના સામે ઉપરોકત ગુનો નોંધાયેલો હતો. તેણે સબાસપુર ખાતે તેના પરિચિત ને વિદેશી દારૂનો જથ્થો ભરી આપ્યો હતો.ત્યારબાદ તેના સાગરીતો ઝડપાઈ ગયા હતા અને તે આજદીન સુધી ભાગતો ફરતો હતો. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### જિલ્લા કલેકટરને "કરારી ખેતી વટહુકમ" તાત્કાલીક રદ કરવા જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા રજુઆત કરાઈ

ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ શકિતભાઈ પટેલ, ગાંધીનગર શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ કર્મજીતસિંહ વાઘેલા, રાજદિપસિંહ ગોલ, ફેનીલ પટેલ, ભરતસિંહ સહિત અન્ય ૨૦ થી વધુ યુથ કોંગ્રેસના કાર્યકરોની હાજરીમાં ખેડુતોને નુકશાનકારક સમાન "કરારી ખેતી વટહુકમ" તાત્કાલીક રદ કરવા અંગે ગાંધીનગર કલેકટરને યુથ કોંગ્રેસ દ્વારા લેખિત આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી હતી.

### કોવીડ હોસ્પિટલમાં બોર્ડ લગાવાયા

## દાગીના કે મોબાઈલની ચોરી થશે, તો સિવિલની જવાબદારી રહેશે નહી






ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં મૃતક દર્દીઓના શરીર પરથી દાગીના ચોરી થવાના કિસ્સા વધી ગયા છે. હવે તો દાગીનાની સાથે દર્દીઓ તેમજ કર્મચારીઓના મોંઘાદાટ મોબાઈલની પણ ચોરી થઈ રહી છે. ત્યારે કોવીડ વોર્ડમાં ઉભી થયેલી આ સમસ્યાને પગલે તંત્ર હરકતમાં આવી ગયું છે. સિવિલ તંત્ર દ્વારા સીસીટીવી ફુટેજની ચકાસણી ચાલી રહી છે. ત્યારે હવે કોરોના ઓપીડી અને વોર્ડમાં ઠેરઠેર બોર્ડ ચીપકાવવામાં આવ્યા છે. જેમાં સિવિલ તંત્ર દ્વારા આપની કિંમતી ચીજવસ્તુ દાગીના કે મોબાઈલ, પર્સ વગેરે એડમીટ થતા સમયે આપના સ્વજનને જમા કરાવી દેવું. આપની કિંમતી ચીજવસ્તુ માટે સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહી તેમ જણાવાયું છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં સ્ટાફની અછતમાં પણ કોવીડ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. તેમ છતા સમસ્યાઓ શાંત પડતી નથી. ત્યારે હવે કોરોના પોઝીટીવ મૃતક દર્દીઓના શરીર પરથી સોના ચાંદીના દાગીના ગાયબ થઈ રહ્યા હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે. જેથી આ મુદ્દાને ગંભીરતાથી લઈને સિવિલ તંત્ર પણ હરકતમાં આવી ગયુંછે. કોવીડ વોર્ડમાં લગાવેલા કેમેરાને અનુલક્ષી ફુટેજ ચેક કરવાની કામગીરી ચાલી રહી છે. તે ઉપરાંત સિવિલના કોવીડ વોર્ડમાં ફરજ બજાવતા કર્મચારીઓને તેમજ સામાનને ચેક કર્યા બાદ જ જવા દેવામાં આવે છે. જયારે સિવિલમાં કોવીડ ઓપીડી તેમજ વોર્ડમાં પણ ઠેરઠેર તંત્ર દ્વારા બોર્ડ લગાવાયા છે. જેમાં આપનો કિંમતની સામાન જેમ કે દાગીના, મોબાઈલ, પર્સ, રૂપીયા સહિતનો સામાન એડમીટ સમયે પોતાના પરિવારના સભ્યને આપી દેવો. જયારે આપની કિંમતી ચીજવસ્તુ માટે સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહી. ઉલ્લેખનીય છે કે કોવીડ વોર્ડમાં પીપીઈ કીટ પહેર્યા સિવાય કોઈને પણ અંદર પ્રવેશ આપવામાં આવતો નથી. જેથી કેમેરામાં તમામ પીપીઈ કીટ પહેરલા નજરે પડે છે. જેથી કોણ ચોર તે કળવુ સિવિલ તંત્ર માટે કોયડા સમાન બન્યું છે.

### ચિરવિદાય

- સ્વ. મહેન્દ્રભાઈ ડાહ્યાલાલ પટેલ, ઉ.વ. ૫૮, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ડાહીબેન બળદેવભાઈ બારોટ, ઉ.વ. ૬૩, તલોદ, જી. સાબરકાંઠા

# કોરોના લોકડાઉનમાં પોલીસ અધિકારીની 'પોઝિટિવીટી'..!!

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં કોરોના કાળ દરમિયાન વધતા પોઝિટિવ કેસોની વચ્ચે શહેરમાં હજુ પણ ચિંતાનો માહોલ સર્જાયો છે. જો કે આ માહોલ વચ્ચે પણ લૉકડાઉન દરમિયાન અનેક પ્રકારની સકારાત્મક પ્રવૃત્તિઓ જોવા મળી. જેમાં નાગરિકો એકબીજાની પડખે ઉભા રહી આ મહામારીના કપરાં સમયનો સામનો કરતા જોવા મળ્યાં. આ દરમિયાન અનેક નાની-મોટી 'પોઝિટિવ' ઘટનાઓ પણ અનુભવાઈ છે જે પૈકી શહેર ભાજપના મહિલા મોરચાના ઉપપ્રમુખ શિલ્પાબેન દેસાઈ વિવિધ સેવા પ્રવૃત્તિમાં સંકળાયેલા હતા ત્યારે તેમને થયેલ અનુભવ અત્રે તેમના જ શબ્દોમાં....

ભાજપના કાર્યકરો થકી ટીફિન વિતરણની વ્યવસ્થા ચાલુ થઈ. આ સેવાયજ્ઞમાં હું જોડાઈ. ૯૫ વર્ષના વૃધ્ધા જે પથારીવશ છે જેમને ટીફિન આપવાનું મારા ભાગે આવ્યું હતું. એક દિવસ ટીફિન ખૂટી પડયા હવે, આ બા તો બાકી રહી ગયા હતા. રાત્રે મોડુ થઈ ગયું હતું. મને યાદ આવ્યા ડીવાયએસપી મુકેશ જગદીશ સોલંકી જેઓ હાલ વિધાનસભા સાર્જન્ટ હેડ છે. તેઓ જયારે પેટ્રોલીંગમાં હતા ત્યારે અમને મળ્યા હતા ત્યારે તેમણે કહેલા શબ્દો યાદ આવ્યા, 'મારા લાયક કાંઈ કામ હોય તો કહેજો.' તેમને કોલ લગાડ્યો અને મેં કહ્યું, 'એક બા રહી જાય છે, ટીફિન વગર,' તો તેમણે કહ્યું, 'તમે ત્યાં જ ઉભા રહો હું વ્યવસ્થા કરું છું.' થોડીવાર પછી ફોન આવ્યો, 'બહેન, ખીચડી...શાક ચાલશે?' મેં કહ્યું હા અને ૧૦ મિનિટમાં તો તેમનો માણસ ટીફિન આપી ગયો.. બોલો માનવતા કોના કોના દિલમાં નથી...?


ઘણા પોઝિટીવ પ્રસંગો બન્યા. તેમાંનો એક આ પણ છે. રોજ ટીફિન વિતરણ પછી કીટ વિતરણ... એક મજૂરીનું કામ કરતી મહિલા દુબળી પાતળી મહિલા, તેમના ઘર આગળ ગાડી ઉભી રહી તો બહેન દોડતા આવ્યા. બહેન હવે કીટ ન આપશો. મને રેશનકાર્ડ ઉપર આજે અનાજની કીટ મળી ગઈ છે. કોઈ ગરીબ, જરૂરિયાતમંદને આપો. હું સ્તબ્ધ થઈ તેમને જોઈ રહી. તેના ઘરમાં પાંચ જણા ખાવાવાળા છતાં વહેંચીને ખાવું તે સંસ્કાર કયાંથી મળ્યા હશે, અમને ખૂબ માન થયું. ખરેખર, માનવતા મરી પરવારી નથી.

### કોરોના 'પોઝિટિવ'...!!!

#### કપરાં કોરોના કાળમાં શું આપને કોઈ 'પોઝિટિવ' અનુભવ થયો છે?

કોરોના વાયરસ મહામારીના કપરાકાળમાં લોકડાઉનથી માંડીને અત્યાર સુધીમાં 'પોઝિટિવ' રિપોટર્સની સંખ્યા વધી છે. પરંતુ ચારે તરફ 'નેગેટિવિટી'માં તેના કરતાં પણ વધુ વધારો થયો છે. જો કે આ કપરા સમયમાં સેવાની સરવાણી વહેવા સાથે અનેક પ્રકારના નાના-મોટા કિસ્સા એવા પણ સર્જાયા છે જેમાં માનવીએ હજુ સુધી પ્રમાણિકતા છોડી નથી કે સમાજમાં માનવતા મરી પરવારી નથી તેવું પ્રતિત થાય. જો આપને પણ આવો કોઈ અનુભવ થયો હોય તો તે અમને વધુમાં વધુ ૧૦૦ શબ્દોમાં લખીને gandhinagarsamachar@gmail. com પર ઈમેલ કરવા આમંત્રણ છે. હા, આપનો કિસ્સો કયાંય પ્રકાશિત થયેલો ના હોવો જોઈએ. આપનો અનુભવ પ્રકાશિત કરવો કે ન કરવો તે અંગે 'ગાંધીનગર સમાચાર'નો અબાધિત અધિકાર રહેશે.

## નગરના ડોલ મેકિંગમાં પાવરધા રંજનબેન ભટ્ટ



ગાંધીનગર, તા.૨૩

કલા શબ્દ એટલો વ્યાપ ધરાવે છે કે અહીં અનેક પ્રકારના કલાકારોની ઓળખાણ થઈ જાય છે. ટોલસ્ટોયે પણ કહ્યું છે કે આપણા ભાવોની ક્રિયા રેખા, રંગ, ધ્વનિ કે શબ્દ દ્વારા એવી અભિવ્યકિત થાય છે એને જોવામાં અને સાંભળવામાં પણ એજ ભાવ પ્રગટ થાય અને તે જ કલા છે. કલા એ વ્યકિતને સ્વથી બહાર કાઢીને વસુધૈવ કુટુંબકમ્થી જોડે છે અને આ બાબતનું ઉત્તમ ઉદાહરણ નગરના રંજનબેન ભટ્ટ પુરું પાડે છે કે જેઓએ હાલ ૭૭ વર્ષની ઉંમરે, કલાશ્રી સંસ્થા દ્વારા વીસથી વધુ બહેનો માર્ગદર્શન આપવા સાથે વિશ્વ કક્ષાની બ્રાન્ડ બાર્બી ડોલને પણ પાછળ મુકી છે તેવી અદભૂત આર્ટ ડોલનું સર્જન કર્યું છે અને હજુ પણ તે આ કાર્ય સાથે જોડાયેલા છે.

કલાકાર પોતાની કલાની પ્રસ્તુતિ દ્વારા જાતે જ ઉભરાઈ આવે છે તેવું મનાય છે. નગરના રંજનબેન ભટ્ટે પણ તેમની ડોલ મેકીંગ પધ્ધતિથી પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.

વર્ષ ૧૯૬૦થી સુરેન્દ્રનગર ખાતે કોશ્ચ્યુમ ડિઝાઈનીંગ, હેન્ડ એમ્બ્રોઈડરી અને ડોલ મેકીંગનું શિક્ષણ મેળવી તેઓએ વીસથી વધુ બહેનો સાથે ૧૮થી વધુ ડોલ મેકીંગ પેર્નની મદદથી નવથી વધુ સાઈઝમાં ૧૮૦થી વધુ ભારતીય પહેરવેશ મુદ્રા પર આધારીત એક લાખથી વધુ હસ્ત નિર્મિત નમુનાઓનું નિર્માણ તેમના દ્વારા કરવામાં આવ્યું છે. રંજનબેન દ્વારા બનાવવામાં આવેલી ડોલ ન્યુયોર્ક એડિશનમાં અને વિશ્વ ગુજરાતી કોન્ફરન્સમાં પણ બે થી વધુ વખત પ્રસ્તુત થઈ ચુકી છે.

### સ્માર્ટ કિડ્સ દ્વારા ગાંધી જયંતિએ ઓનલાઈન ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૩

નગરની સ્માર્ટ કીડઝના નર્સરી શાળાના બાળકો કોરોના દરમિયાન પણ ખૂબ જ એકિટવ રહે છે. શાળા દ્વારા બાળકોના પાયાના ઘડતરનું સિંચન કરી શિસ્ત, સ્વચ્છતા અને સુઘડ શરીરના પાઠ બાળકને ભણાવવામાં આવે છે. બાળક શીખે છે તેજ ભજવે છે તેવું માનનાર સ્માર્ટ કીડઝ નર્સરી સ્કૂલ દ્વારા ગાંધીજયંતિને દિવસે નગરના તમામ ૨થી ૫ વર્ષના બાળકો માટે ઓનલાઈન ફેન્સી ડ્રેસ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેની થીમ હેલ્થ એન હાઈજીન રાખવામાં આવી છે. આ થીમ પર બાળકોએ અવનવા ડ્રેસમાં પોતાની વિચારધારા રજૂ કરવાની રહેશે. તા. ૨૭ પહેલા રજીસ્ટ્રેશન પણ કરવાનું રહેશે તથા રજીસ્ટ્રેશન સંદર્ભે વધુ માહિતી માટે ૬૩૫૨૯૧૬૭૫૬ પર સંપર્ક કરવા તથા નગરના દરેક બાળકોને કાર્યક્રમમાં ભાગ લેવા શાળાના સંચાલકો દ્વારા જણાવાયું છે.